SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 3. કંઠસ્થ પરંપરા સાહિત્ય સંશોધન - સંપાદનક્ષેત્રે ભગવાનદાસ પટેલનું પ્રદાન

*ડૉ. વિનુભાઈ એલ. ચૌહાણ*

૨૦મી સદીના ઉત્તરાર્ધકાળના સમર્થ લોકસાહિત્ય સંશોધક તથા સંપાદક તરીકે ભગવાનદાસ પટેલ અનન્ય છે. ડૉ.હરિવલ્લભ ભાયાણીએ ભગવાનદાસ પટેલનો પરિચય કેમ્બ્રીજ યુનિવર્સિટીના વિદ્વાન ડૉ.જે.ડી.સ્મીથ સાથે કરાવી આપ્યો. તે તેમણે આપણા ભીલી સાહિત્યને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી સુખ્યાત કરાવ્યું. સતત ૩૨ વર્ષ સુધી ભીલી સાહિત્યની કંઠસ્થ રચનાઓનું ૧૫૦૦ ઓડિયો(શ્રાવ્ય) તથા ૫૦(દ્રશ્યશ્રાવ્ય) ઓડિયો વિજ્યુઅલ કેસેટ્સમાં એમણે રેકોર્ડિંગ–ધ્વનિમુદ્રણ–દ્રશ્યાંકન કર્યું છે. ભગવાનદાસ પટેલે લોકસાહિત્ય સંશોધન તથા સંપાદન ક્ષેત્રે ૪૮ ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. ભારતમાં લોકસાહિત્ય ક્ષેત્રે આટલું વિરલ તથા અનન્યકાર્ય અન્ય કોઇપણ પ્રાન્તિક, પ્રાદેશિક ભાષામાં થયું નથી. ભગવાનદાસ પટેલે તેજગઢની આદિવાસી અકાદમીના માનદ્ નિયામક તરીકે રહીને ૧૦૦૦ ગામોમાં વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરી છે. તેનો તમામ ચિતાર **'મારી લોકયાત્રા'**માં પ્રકાશિત થયો છે. ગુજરાતના કંઠસ્થ પરંપરા સાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે ભગવાનદાસ પટેલ સૌથી મોટો ચમત્કારરૂપ છે.

આદિવાસી લોકસાહિત્યના મર્મજ્ઞ અને નિષ્ઠાવાન સંશોધક-સંપાદક ડૉ. ભગવાનદાસ પટેલે ભીલસમાજની કંઠસ્થ પરંપરામાં સચવાયેલ ભીલકથાગીત 'હોનોલ હોટી'(સોનલ સોઢી), ભીલ ભજન વાર્તા 'હાલદે હોળંગી'(હાલદે સોલંકી) અને 'નાગજી દલજી'(નાગજી દલજી) જેવી ત્રણ કૃતિઓને તેના મૂળ પાઠ સાથે સંશોધન કરીને પુસ્તકાકારે પ્રકાશિત કરી છે. ડૉ. બિપિન આશર કહે છે કે, આ ત્રણેય કૃતિઓ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા, બનાસકાંઠા જિલ્લાના દાતા તાલુકા અને રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના કોટડા તાલુકાની ભીલ આદિવાસી વિસ્તારમાં કોઈને કોઈ પ્રસંગે ગાવામાં આવે છે. આ આદિવાસી લોકસાહિત્યક્ષેત્રેનો વિશેષતઃ પરિચય ડૉ. ભગવાનદાસ પટેલ જેવા સમર્થ અને કર્મઠ સંશોધક દ્વારા જ થયો છે. કદાચ એમ કહીએ તો અતિશયોક્તિ નહીં લાગે કે સૌરાષ્ટ્રને ઝવેરચંદ મેઘાણી મળ્યા અને આદિવાસી સમાજને ડૉ. ભગવાનદાસ પટેલ મળ્યા છે.

ભગવાનદાસ પટેલે ઉત્તર ગુજરાતની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ અને સભ્યતા ઉપર ઉત્તમ સંશોધન કર્યું છે. આ સંશોધન દ્વારા તેમને પીએચ.ડીની પદવી પ્રાપ્ત થઈ છે. લોકસાહિત્ય સંશોધન-સંપાદન નિમિત્તે ભગવાનદાસ પટેલે અરવલ્લી પર્વતમાળાના પ્રદેશોમાં એક હજારથી વધુ કિલોમીટરના પ્રવાસો કર્યા છે. આ પ્રવાસો દરમ્યાન ભગવાનદાસ પટેલે ૧૦૦થી વધુ આદિવાસી માનવોની વસાહતો શોધી છે, ૧૫૦૦થી વધુ પાષાણ ઓજારો શોધ્યાં છે, ૧૪ પાષાણ સમાધિઓ શોધી છે, ૫ ચિત્ર ગુફાઓ શોધી છે. ઉપરાંત 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' નામે શોધ નિબંધમાં તેમણે ૭૦૦૦૦ વર્ષ પ્રાચીન સંસ્કૃતિ પર પ્રકાશ પાડ્યો છે.

'ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો'(૧૯૯૩), 'રાંમ-સીતમાની વારતા'(૧૯૯૫), 'ભીલોનું ભારથ'(૧૯૯૭), 'રાઠોર-વારતા' તથા 'ગુજરાંનો અરેલો' આ ચારે મહાકાવ્યોની પ્રસિદ્ધી ભગવાનદાસ પટેલને આભારી છે. ડુંગરીભીલી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન ક્ષેત્રે ઉન્નતશૃંગ એટલે ભગવાનદાસ પટેલનું સંશોધિત-સંપાદિત સાહિત્ય. ભગવાનદાસ પટેલે લોકગાથા, લોકમહાકાવ્ય વગેરે સ્વરૂપસંજ્ઞાને બદલે ભીલોમાં પ્રચલિત એવા 'અરેલા'નો જ પ્રયોગ કર્યો છે. આ અભિગમ જેટલો તટસ્થ છે તેટલો જ શાસ્ત્રીય પણ છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ લોકસાહિત્ય સંશોધક તથા એવા જ ઉત્તમ સંપાદક ભગવાનદાસ પટેલનું સાહિત્ય પ્રદાન તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ. 'લીલા મોરિયા'(૧૯૮૩), 'ફૂલરાંની લાડી' (૧૯૮૩), 'અરવલ્લી પહાડની આસ્થા'(૧૯૮૪), 'દેવિયાવાળાના અરેલાઃ નવ લાખ દેવીઓ અને કરમીરો'(૧૯૮૭), 'ગુજરાંનો અરેલો'(૧૯૮૭), 'અરવલ્લી લોકની વહીવાતો'(૧૯૯૨), 'ડુંગરી ભીલ આદિવાસીઓ'(૧૯૯૨), 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ'(૧૯૯૨), 'ભીલ મહાકાવ્યઃ રાઠોર વારતા'(૧૯૯૨), 'તોળી રાંણીની વારતા'(૧૯૯૩), 'ભીલ લોકોત્સવઃ ગોર'(૧૯૯૪), 'ભીલોના હગ અને વતાંમણા'(૧૯૯૫), 'ભીલોનું ભારથ'(૧૯૯૭), 'ઢોલા-મારુણી'(૧૯૯૭), 'ભીલ કથાગીત હોનોલ હોટી'(૨૦૦૦), 'ખૂતાંનો રાજવી અને દેવોલ ગુજરણ'(૨૦૦૦), 'રૂપાંરોણીની વારતા'(૨૦૦૨), 'પિયાદે હોખલી'(૨૦૦૨), 'લાલુ અરિદા'

(૨૦૦૩), 'ગોપીચંદ-ભરથરીની વારતા'(૨૦૦૫),'આદિવાસી, જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી'(૨૦૦૫), 'મોતીચરાની વારતા'(૨૦૦૭), 'શોધસંપદા'(૨૦૦૮), 'લોક્યાત્રા ભીલોનાં ધાર્મિકગીતો'(૨૦૦૯).

આ ઉપરાંત ધૂળાનો પાટ, કૉબરિયા ઠાકોરની કોળી, સમાધિ પૂજવી, હૂરો માંડવો, ધરણ ન મનખાવતાર નવલાખ દેવીઓ, સવ-અમિયા, સદણ રાઝા, ગોરખનાથ, સતિયાખાતુ, હાલદે હોળંગી, બીજ, હમાધ, નાયિકા પ્રધાન મહાકાવ્યો, મહાકાવ્યોનો જીવનબોધ-યુગબોધ, મહાકાવ્યોનો આધાર સ્ત્રોત વગેરે વિશે વિપુલ સાહિત્ય રચાયું છે.

ડુંગરી ભીલી લોકસાહિત્યમાં એ સાહિત્યનું પ્રત્યક્ષરૂપના ધ્વનિમુદ્રણનો આધાર લઈને વિશેષ મૂલ્યવાન સંપદાનું લગભગ પૂર્ણ એવું દસ્તાવેજીકૃત સંપાદન- સંશોધન કર્યું હોય એનું એક માત્ર ઉદાહરણ ભગવાનદાસ પટેલ છે. એમણે ખેડબ્રહ્માના ડુંગરીભીલ આદિવાસીઓ સંલગ્ન કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં ઘણું કાર્ય કર્યું છે. આમ ભગવાનદાસ પટેલનું લોકસાહિત્ય ક્ષેત્રે સંશોધન તથા સંપાદન વિશે ઘણું જ નોંધપાત્ર, અનન્ય, વિરલ એવું પ્રદાન છે.

સંદર્ભ સૂચી :


1. લોકસાહિત્ય ભણી ડૉબિપિન આશર .
2. લોક સાહિત્ય અને સંસ્કૃતિ  જયમલ્લ પરમાર –
3. ભીલી સાહિત્ય : એક અધ્યયન, સં. ડૉ. હસુ યાજ્ઞિક
4. વનસ્વર, સં. ડૉ. બળવંત જાની
5. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ગુજરાત સાહિત્ય – ૬:પરિષદઅમદાવાદ ,